ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

### બે મિત્રો સાથે ફોટો પડાવવા યુવાન રેલવેના બંધ એન્જીન પર ચઢ્યો

# ગાંધીનગર રેલવે સ્ટેશનમાં યુવાન બળીને ભડથુ

### ફોટો ક્લીકીંગ વખતે ભાવી ઈજનેરનો હાથ ઉપરથી પસાર થતી હેવી ઈલેક્ટ્રીક લાઈનના વિજતારને અડકી જતા સ્થળ પર જ યુવાનનું મૃત્યુ થયુ

ગાંધીનગર, તા. ૧૨

શહેરના સે. ૨૩ ખાતે રહેતો એક યુવાન તેના બે મિત્રો સાથે ગાંધીનગર રેલવે સ્ટેશને ફોટો પડાવવા પહોંચ્યો હતો. ફોટો પડાવવા ત્રણેય મિત્રો રેલવેસ્ટેશને બંધ પડેલા એક એન્જીન પર ચઢ્યા હતા ત્યારે એકનો હાથ ઉપરથી પસાર થઈ રહેલા હેવી વીજતાર સાથે અડકી જતા ઘટનાસ્થળ પર જ તેનું કરંટ લાગવાથી દાઝીને ભડથુ થઈ જવાથી મૃત્યુ નિપજ્યું હતું. રેલવે પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને યુવાનનો મૃતદેહ પીએમ કરાવી તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૨૩ ઘ-ટાઈપ બ્લોક નં. ૬૫/૧ ખાતે રહેતો ૧૮ વર્ષીય યુવાન રાજકુમાર નિલયભાઈ એન્જીનીયર શહેરની એલ.ડી.આર.પી. કોલેજમાં ઓટોમોબાઈલ એન્જીનીયરીંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. આજે બપોરે રાજ અને તેના બે મિત્રો મળીને ત્રણ જણા સે. ૧૪ રેલવેસ્ટેશને ફોટોગ્રાફી કરવા માટે ગયા હતા. એક બંધ પડેલા ટ્રેનના એન્જીન પર ચઢીને ફોટોગ્રાફી કરી રહ્યા હતા ત્યાં જ રાજકુમારનો પડેલો ફોટો આખરી ફોટો થઈ ગયો..! એન્જીનના ઉપરથી પસાર થઈ રહેલી હેવી ઈલેક્ટ્રીક લાઈન (જીવંત વિજતાર)નો રાજનો હાથ અડકી જતા સ્થળ પર જ વિજકરંટથી ગંભીર રીતે





(તસવીર : દિપક જાની)

● અનુસંધાન પાન-૭ પર

# સ્ટેમ્પ ડ્યુટીની આવકમાંથી હિસ્સો આપવા તાલુકા પંચાયતની માંગ

### ૨૦૧૪-૧૫નું સૂચિત બજેટ કારોબારી બેઠકમાં રજુ થયું

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિએ આવકવૃધ્ધિ માટે તાલુકામાં થતી જમીન લે-વેચમાંથી સ્ટેમ્પ ડ્યુટીનો હિસ્સો આપવા માટેની દરખાસ્ત ઉચ્ચ સત્તાવાળાઓ સમક્ષ રજુ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આજે મળેલી બેઠકમાં તાલુકા પંચાયતનું ૨૦૧૪-૧૫નું સૂચિત બજેટ રજુ કરાયું હતું. જે હવે જિલ્લા પંચાયતના અવલોકનાર્થે મોકલવામાં આવશે અને ત્યારબાદ તે સામાન્ય સભામાં મંજુરી માટે રજુ કરવામાં આવશે.

તાલુકા પંચાયતની આજે મળેલ કારોબારી સમિતિમાં રજુ થયેલ બજેટમાં સ્વભંડોળમાંથી વિકાસના કામો માટે મોટી રકમ ફાળવવામાં આવી છે. જો કે તાલુકા પંચાયતના બજેટમાં ૧૧.૩૪ કરોડની પુરાંત

● અનુસંધાન પાન-૭ પર

# હાઈ સિકયુરીટી નંબર પ્લેટ વગરના વાહનો સામે કાર્યવાહી થશે

### વાહનમાલિકો નિયત સમયમાં નંબર પ્લેટ ફીટ કરાવતા નથી

ગાંધીનગર, તા. ૧૨

આર.ટી.ઓ. કચેરીમાં હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવવાની પ્રથા શરૂ કરાયા બાદ પ્રારંભિક તબક્કે પ્લેટ સમયસર ઉપલબ્ધ ન થતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. જ્યારે હાલ અરજદારો નિયત સમયમાં નંબર પ્લેટ ફીટ ન કરાવતા હાઈ સિક્યુરીટી નંબર પ્લેટનો ભરાવો થઈ રહ્યો છે. નવા વાહનોમાં જૂની પ્રથા મુજબ નંબર પ્લેટ ધરાવતા વાહનચાલકો વિરૂદ્ધ પગલા લેવામાં આવશે.

શહેરમાં 'ગ' માર્ગ પર સ્થિત હાઈટેક આર.ટી.ઓ. કચેરીએ પેપરલેસ બનાવવા પ્રયાસ કરાયો છે. વાહનચાલકોમાં અદ્યતન ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ક્ષેત્રે આધારિત કસોટી બાદ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવે છે. જ્યારે રાજયમાં સૌ પ્રથમ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફાળવવાની શરૂઆત પણ ગાંધીનગર કચેરી દ્વારા કરવામાં આવી હતી. પ્રારંભિક તબક્કે વાહનચાલકોને નંબર પ્લેટ મેળવવા માટે ધક્કા ખાવા પડતા હતા જ્યારે ભારે વિલંબ બાદ નવી

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરની મુલાકાતે આવી રહેલ અમેરિકન રાજદૂત નેન્સી પોવેલ વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની મુલાકાત પણ લેવાના છે.
- આજે 'ચાય પે ચર્ચા'ના કાર્યક્રમને લઈ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્તેજના જોવા મળતી હતી.
- ગાંધીનગર શહેરમાં ભાજપ દ્વારા ધનસંચય કાર્યક્રમ અંતર્ગત કાર્યકરો આજે શહેરના વિવિધ વિસ્તારોમાં ફરતા જણાયા હતા.
- ગાંધીનગર નજીક અંબોડ ખાતે યોજાયેલ અશ્વ મેળો જોવા આજે પત્રકારોનો પ્રવાસ યોજવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં ૧૪મીએ યોજાનાર ગુડાના મકાનોનો ડ્રો રાજ્યમંત્રી દિલીપ ઠાકોરના હસ્તે યોજાશે. આ કાર્યક્રમાં હેમલત્તાબેન બારોટ અને ભાવનાબેન દવે પણ હાજર રહેનાર છે.
- ગાંધીનગર શહેરના બાળકોને જાતિના પ્રમાણપત્રો સમયસર મળી રહે તે જોવા કલેક્ટરશ્રીએ તંત્રના અધિકારીઓને તાકીદ કરી છે.





# ગાંધીનગરના બારસો પરિવારોને ગુડાની વેલેન્ટાઈન ગીફ્ટ

ગાંધીનગર, તા. ૧૨

વેલેન્ટાઈન ડે એમ તો મધ્યમવર્ગીય પરિવારોને માત્ર ખર્ચો કરાવે છે પરંતુ આ વર્ષે શહેરના ૧૨૦૦ જેટલા પરિવારોને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા) વેલેન્ટાઈન ગીફ્ટ આપી ખુશ કરી દેશે. વેલેન્ટાઈન ડે એટલે કે ૧૪મી ફેબ્રુઆરીના રોજ ગુડાની આવાસ યોજનાનો ડ્રો યોજાશે જેને લઈને શહેરભરમાં ચર્ચા જાગી છે.

ગાંધીનગરમાં સૌ પ્રથમવાર ગુડા દ્વારા આર્થિક રીતે નબળા વર્ગ માટે આવાસ યોજના શરૂ કરાઈ હતી. પ્રથમ તબક્કામાં રાયસણ પાસે આકાર પામી રહેલ ૧૨૦૦ આવાસોના ડ્રોની પ્રક્રિયા છ માસના ઈન્તજાર પછી શરૂ કરવામાં આવી છે. શુભ લાભ આવાસ યોજનાનું કામ ઝડપભેર ચાલી રહ્યું છે. ત્યારે આગામી તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૧ વાગે મહાત્મા મંદિર ખાતે આવાસ યોજનાનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો યોજાશે. મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત આકાર પામી રહેલ આ આવાસોની ફાળવણી વેલેન્ટાઈન ડે ના દિવસે થતા ગાંધીનગરના મધ્યમવર્ગીય પરિવારોમાં ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ આવાસ યોજનાના ડ્રો થકી ફાળવવામાં આવનાર મકાનો ગુડા દ્વારા મધ્યમવર્ગીય પરિવારો માટે ગીફ્ટ સમાન હશે. ગુડા દ્વારા આ ડ્રો ના કાર્યક્રમની જાણ અગાઉ લાભાર્થીઓને એસએમએસ દ્વારા અને તે પછી પત્ર દ્વારા કરવામાં આવી છે અને લાભાર્થીઓને ડ્રો ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.





Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com